

**વડીલોને વંદન**

**અભિનંદન**



કૃષ્ણકાંત કે. પંચોલી
(૧૯૩૪)ફોનઃ૨૩૨૬૧૮૧૧



ભાનુપ્રસાદ પી. ભટ્ટ
(૧૯૪૭)મો.૯૮૨૫૧૮૪૩૨૬

# ખેડબ્રહ્માંમાં ૧.૫૦ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત

ખેડબ્રહ્મા, તા.૧૯

ગુજરાત રાજયમાં હાથ ધરાયેલી વણથંભી વિકાસયાત્રાના ભાગરૂપે શનિવારે ખેડબ્રહ્મા ખાતે લોકાર્પણ, ખાતમુહુર્ત-ભૂમિપૂજન રાજયના કૃષિ-સહકાર, પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયાના વરદ હસ્તે યોજાયા હતા.

મંત્રી બાબુભાઈ બોખીરીયાએ અંબિકા માતાજી મંદિર પાસે આવેલ ભિલકા તળાવનું બ્યુટીફીકેશન રૂ. ૧.૧૦ કરોડના કામનું ખાતમુહુર્ત કર્યું હતું. ત્યારબાદ નગરપાલિકા દ્વારા ભૃગુઋષિ આશ્રમ નજીક બનાવવામાં આવેલ ત્રિવેણી સંગમ ઘાટે જે રૂ. ૩૯ લાખના ખર્ચે બનાવવામાં આવ્યો છે તેનું લોકાર્પણ કર્યું હતું.

ખેડબ્રહ્મા ખાતે બનાવેલ છત્રપતિ શિવાજી ઉદ્યાન ખાતે સભા યોજાઈ હતી. સભામાં બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દરેક ક્ષેત્રના વિકાસ માટે કટીબધ્ધ છે તેમણે જણાવ્યું હતું કે સરકાર બદલાયા બાદ રાષ્ટ્ર ગૌરવનો માહોલ સર્જાય છે. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજ પટેલ, માર્કેટયાર્ડ ચેરમેન જશુભાઈ પટેલ હાજર રહ્યા હતા.

# વિજયનગર નજીક પોળોના જંગલમાં સચવાયેલ બહુમૂલ્ય ઐતિહાસિક સ્થાપત્ય

## અખૂટ કુદરતી સૌંદર્ય વચ્ચે જૈન-શિવ શૈલીના ૧૪ રક્ષિત સ્મારકો : યોગ્ય જાળવણી અને વિજ્ઞાપન કરાય તો વધુ પ્રવાસીઓ મળી શકે : સ્થાનિક પ્રજાની રોજગારીમાં પણ વધારો થઈ શકે

ઈડર, તા. ૧૯

સાબરકાંઠાના ઈડરથી વિજયનગરના માર્ગે આંતરસુબા, અભાપુર અને પોળોના જંગલ વિસ્તારમાં કુલ-૧૪ રાજ્ય રક્ષિત ઐતિહાસિક સ્મારકો આવેલા છે. આ સ્મારકોમાં જૈન, શૈવ શાકત, સૂર્ય સંપ્રદાયના મંદિરો આવેલા છે. અખૂટ કુદરતી સૌંદર્ય ધરાવતા આ વિસ્તારમાં મુલાકાતીઓની સંખ્યામાં ઉત્તરોઉત્તર વધારો થઈ રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પણ સહેલાણીઓનું આકર્ષણ વધે અને આ ઐતિહાસિક ધરોહર અંગે લોક જાગૃતિ આવે તે માટે 'પોળો ઉત્સવ' અને સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોળોના પ્રાચિન સ્મારકોમાં કેટલાક જૈન તો કેટલાક શૈવ શૈલીના મંદિરો છે. આંતરસુબા, અભાપુર અને પોળોની આસપાસના રાજ્ય રક્ષિત ૧૪ સ્મારકો આવેલા છે. સંપ્રદાય ભેદની માફક જ આ સમૂહના મંદિરોના તલમાન, ઉર્ધ્વદર્શન, સમયાંકન પણ વૈવિધ્ય છે. શિલ્પ સાહિત્યમાં રસ ધરાવનારને સ્મારકો વિભિન્ન સમયની કલા શૈલીના દર્શન કરાવે છે. સૌ પ્રથમ સ્મારકો આશ્રમ મુકામે આવેલા છે જેમાં કુલ ત્રણ મંદિરો છે. તેમાં શિવ પંચાયતન મંદિર, શક્તિ મંદિર અને શિવ મંદિરનો સમાવેશ થાય છે. લગભગ



૧૦મી સદીમાં નિર્માણ પામેલ શક્તિ મંદિર અને શિવ મંદિરનો સમાવેશ થાય છે. શક્તિ મંદિર પૂર્વાભિમુખ અને શિવ મંદિર પશ્ચિમાભિમુખ છે, બંને એકબીજાની સામસામે આવેલા છે. શક્તિ મંદિરના ભદ્રગવાક્ષોમાં શિવ, વિષ્ણુ અને બ્રહ્માજી બિરાજમાન છે. જ્યારે અન્ય નાસિકાઓમાં વાયુ, યમ, અગ્નિ તેમજ અપ્સરાઓના શિલ્પ છે. મંદિરના દક્ષિણ બાજુના શિખર ભદ્રાદીખતીકમાં વિષ્ણુ-લક્ષ્મી, શિવ-પાર્વતી અને બ્રહ્મ-સાવિત્રિના યુગલ શિલ્પો કંડારવામાં આવેલા છે. આ મંદિરની પાશ્વમાં વિવિધ શિલ્પો મંડિત તેમજ અલંકરણયુક્ત સુંદર કિર્તિ તોરણ આવેલું છે.

આશ્રયથી આગળ ૩ કિમી. જતા આંતરસુબા ગામમાં હરણાવ નદીના સામા કાંઠે મંદિરો આવેલા છે. જેમાં નવદેશ કે સદેવંત સાવળિંગાના પ્રાચિન દેશ, શિવ પંચાયતન તેમજ જૈન મંદિરોનો સમાવેશ થાય છે. આ સ્થળને રાજકુમાર સદેવંત અને ગામમાં રહેતી સાવળિંગા સાથે થયેલા પ્રણય અંગેની પ્રચલિત ગાથા વણી લેવાઈ છે. મંદિરની મધ્યમાં વિશાળ વડલો આવેલો છે. અહીં જૈનોના પ્રથમ તિર્થંકર આદિનાથ ભગવાનનું મંદિર છે. મંદિરના અગ્ર ભાગે સુંદર તોરણ આવેલુ છે. આજે પણ ત્યાં ભગવાન આદિનાથની ખંડિત મૂર્તિઓ વેરવિખેર પડી છે. પુરાતત્વ ખાતાની આળશ અને બેદરકારીના કારણે આ ઉત્કૃષ્ઠ વિરાસત નાશ થવાના આરે આવીને ઉભી છે.





આંતરસુબાથી આગળ જતા શરણેશ્વર મહાદેવનું મંદિર આવે છે, પશ્ચિમાભિમુખ આ મંદિર શિવાપોષક પ્રાસાદ પ્રાકારયુક્ત છે. ગર્ભગૃહ, અંતરાળ, પ્રદક્ષિણા પથ, સભામંડપ, શૃંગાર ચોકી જેવા અંગો ધરાવતું સાંધાર પ્રકારનું આ મેરૂપ્રાસાદ દ્વિમુખયુક્ત મંદિર છે. આ મંદિર અત્યારે ઉપરથી અર્ધભગ્ન છે પરંતુ તે બંધાયું ત્યારે સાત માળનું મંદિર હતુ. મુઘલોના અવારનવાર યુદ્ધોને કારણે આ મંદિરનો વ્યાપ ઘટતો ગયો હતો. માત્ર એક જ માળ બચ્યો છે. મંદિરની રચના ૪થી સદીમાં થઈ હતી. શરણેશ્વરથી આગળ ૨ કિ.મી. જતાં પોળોનગરી આવે છે. જે હાલ ગાઢ જંગલમાં ફેરવાઈ ગઈ છે. હરણાવ નદીને પાર કરીને આગળ વધતા પ્રથમ શિવમંદિર આવે છે. આ મંદિર ૧૫માં શતકનું જણાય છે, તેના પાશ્વભાગે ભદ્રક ઘાટનો કુંડ આવેલો છે. આગળ જતા એક વિશાળ જૈન મંદિર દશ્યમાન થાય છે. પુરાતત્વમાનું આ મંદિરને લાખેણાના મંદિર તરીકે ઓળખે છે. પરંતુ સ્થાનિક પ્રજા આ મંદિરને સૂર્યમંદિર તરીકે ઓળખાવે છે. મંદિરના મુખ્ય દરવાજામાં જૈનોના પ્રતિકસમા તિર્થંકર ભગવાનની આકૃતિ કંડારેલી છે. મંદિરની અંદર જમણી બાજુ પથ્થરની અલંકૃત જાળીઓની રચના કરવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લાનો વિજયનગર તાલુકો તેના જંગલોને કારણે ખૂબ પ્રચલિત હતો. અકબર સામેની લડાઈ બાદ મહારાણા પ્રતાપ આ જંગલોમાં ઘૂમ્યા અને રહ્યા હતા. બપ્પા રાવલ, રાણા પ્રતાપ,પરમાર વંશના રાજાઓની આ કર્મભૂમિ રહી છે. આ ભૂમિની સુંદરતા, પ્રાચિનતા અને શિલ્પ સ્થાપત્યનો ભવ્ય વારસો માણવા અને અનુભવવા જેવો છે તેવું પોળઓ સફારીના ચિરાગ શાહ જણાવે છે. તેમના મતે જો આ વારસાની યોગ્ય જાળવણી કરી તેનું ભારત તથા વિદેશોમાં વિજ્ઞાપન કરી શકાય તો સ્થાનિક પ્રજાને માટે રોજગારીની તકો ઉભી થઈ શકે તેમ છે.

# અમદાવાદના મોટેરા સ્ટેડિયમ રહાણે-વોટસન છવાયા

## ચેન્નાઈ સુપરને અંતે રાજસ્થાન રોયલ્સે કચડ્યુ : ૮ વિકેટે જીત : ચેન્નાઈ સુપરના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની તમામ વ્યૂહરચના પર પાણી ફરી વળ્યું : ૧૫૭ રન બે વિકેટ ગુમાવી બનાવ્યા : ચેન્નાઈએ હારનો સ્વાદ ચાખ્યો

અમદાવાદ,તા. ૧૯

અમદાવાદમા સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ખાતે રમાયેલી હાઈ પ્રોફાઈલ પેપ્સી ઈન્ડિયન પ્રિમિયર લીગની એક મેચમાં રાજસ્થાન રોયલ્સે શાનદાર દેખાવ કરીને શક્તિશાળી ચેન્નાઈ સુપર કિંગ્સ પર આઠ વિકેટે જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૫૬ રન કર્યા હતા. જેના જવાબમાં રાજસ્થાન રોયલ્સે ૧૮.૨ઓવરમાં બે વિકેટ ગુમાવીને જીતવા માટેના જરૂરી રન બનાવી લીધા હતા. રાજસ્થાન રોયલ્સ તરફથી કેપ્ટન શેન વોટ્સને શાનદાર ૭૩ રન કર્યા હતા વોટ્સને મોટેરા સ્ટેડિયમ ખાતે ઉપસ્થિત રહેલા લોકોને રોમાંચિત કરી દીધા હતા. વોટ્સને કેપ્ટન ઈનિંગ્સ રમતા માત્ર ૪૭ બોલમાં છ ચોગ્ગા અને ચાર છગ્ગાની સાથે ઝંઝાવતી ૭૩ કર કર્યા હતા. આજની મેચમાં રાજસ્થાન રોયલ્સના બેટ્સમેનો સામે ચેન્નાઈની ટીમના બોલરો ફ્લોપ રહ્યા હતા. વોટસનની સાથે ઓપનિંગમાં આવેલા રહાણેએ પણ ભવ્ય ઈનિંગ્સ રમી હતી. રાજસ્થાન રોયલ્સે તેની પ્રથમ વિકેટ ૧૪૪ રનમાં પડી હતી. ધોનીની કેપ્ટનશીપ આજે કામ લાગી ન હતી. ચેન્નાઈના બોલરો પાન્ડે, નહેરા, શર્મા અને જાડેજાને આજે કોઈ સફળતા મળી ન હતી. ચેન્નાઈને પ્રથમ વખત હારનો સ્વાદ ચાખવાની ફરજ પાડી હતી. તીવ્ર ગરમીની સ્થિતીમાં ચેન્નાઈની ટીમે ધારણા કરતા નબળો દેખાવ કર્યો હતો. આર સ્મીથે ૪૦ રન કર્યા હતા. જો કે મેક્કુલમ માત્ર ૧૨ રન કરીને આઉટ થયો હતો. બ્રાવોએ અંતિમ ઓવરમાં છગ્ગા અને ચોગ્ગાની રમઝટ બોલાવી હતી અને ૩૬ બોલમાં આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૩૬ બોલમાં તોફાની અણનમ ૬૨ રન કર્યા હતા. ધોનીએ અણનમ ૩૧ રન કર્યા હતા. રાજસ્થાન રોયલ્સે સતત પાંચમી મેચ જીતીને તેની સર્વોપરિતા આ વખતે સાબિત કરી છે.રહાણે ૫૫ બોલમાં છ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી અણનમ ૭૬ રન કર્યા હતા. સ્ટીવ સ્મીથ છ રન કરીને આઉટ થયો હતો. ચેન્નાઈ સુપર કિગ્સના કેપ્ટન ધોનીએ અગાઉ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મેન ઓફ ધ મેચ તરીકેનો એવોર્ડ રહાણેએ જીતી લીધો હતો. રાજસ્થાન રોયલ્સની હજુ સુધી હાર થઇ નથી.

## સાબરકાંઠા-અરવલ્લીમાં ૨૧મીએ મુખ્યમંત્રીની મુલાકાતથી તંત્રની તડામાર તૈયારીઓ : અરજદારોના કામ ટલ્લે ચઢયા

પ્રાંતિજ, તા.૧૯

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ સાબરકાંઠામાં થઈ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે તા. ૨૧મીના રોજ આવનારાં હોઈ બંને જિલ્લાનો વહીવટી સ્ટાફ સી.એમ.ના પ્રોગ્રામમાં વ્યસ્ત થતાં ઉનાળાની ગરમીમાં લોકો ઓફિસના કામો માટે ભારે હાલાકીઓ ભોગવી ત્રસ્ત બની ગયા છે.

ઉનાળાની ગરમીમાં કિસાનોને ખેતીને લગતી મહિતી, ઉતારાના દાખલા નોંધ માટેના કામો આવકના દાખલા, ક્રીમીનલ સર્ટીઓ કઢાવવા તેમજ વિવિધ કામો માટે જિલ્લા તાલુકાની તમામ ઓફિસોમાં જુદા જુદા કામો જિલ્લા તાલુકાની તમામ ઓફિસોમાં જુદાજુદા કામો માટે ધરમધક્કા ખાવા પડે છે અને મુખ્ય પ્રધાનનું આગમન જિલ્લામાં થવાનું છે ત્યારે તમામ કામગીરી બાજુએ મુકી માહિતી સરભરાના કામમાં તંત્ર લાગેલું છે.

ગરીબજનોને કિસાનોના હામી ગણાવતી ગુજરાતની સરકાર અને તેના પ્રધાનોના છાશવારે પ્રોગ્રામો થતાં પ્રોગ્રામોમાં લોકોને લાવવા, નાસ્તા, પ્રચાર સહિતની કામગીરીમાં તંત્ર લાગી જાય છે અને લોકો ઓફિસોની લોબીમાં તાપમાં તપવા છતાંય કોઈ કામગીરી નહીં થતા લોકોમાં સરકાર અને તેના તંત્ર સામે ઘૃણા ઉત્પન્ન થઈ ગઈ છે ત્યારે સરકાર અને પ્રધાનોએ પ્રોગ્રામો કરતાં લોક સેવાઓ વ્યવસ્થિત અને ઝડપી થાય તે માટેના પ્રયાસો કરવા જોઈએ નહીતર આગામી દિવસોમાં ભાજપ માટે મોટા પડકારો સામે આવવાની શકયતાઓ છે.

## વેકેશન કેમ્પ્સનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકેડમીનો પરફોર્મીંગ આર્ટસ અને એપ્લાઈડ આર્ટસની તાલીમ આપતો સમર કેમ્પ આવતીકાલથી ૧૦ દિવસ માટે સેકટર-૨૨માં યોજાશે. જયારે કલરવનો બાલોત્સવ ૨૮મીથી યોજાશે જેમાં જોડાવવા માટે ઘણા બાળકો ઉત્સાહિત છે.

કડી કેમ્પસમાં આ વખતે ખુબ મોટા પાયે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ખૂબ મોટી સંખ્યામાં બાળકો જોડાશે. આ કેમ્પ આગામી પથી ૯ મે દરમિયાન યોજાશે.

સ્કુલ ઓફ એચિવર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી સફળતાપૂર્વક સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં નૃત્યકળા, ચિત્રકળા, રંગમંચ લક્ષી તાલીમ ઉપરાંત વિવિધ રમતોની તાલીમ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવશે. જીમખાના દ્વારા પણ રમતગમત માટે સમર કેમ્પનું આયોજન કરાશે.

## નિયમો જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર કક્ષાએ તે મંજુર કરાવવાના રહેશે.

આ સુગ્રથિત આરોગ્ય-તબીબી સારવાર નિયમો તહેત સારવારનો ખર્ચ માન્ય સરકારી હોસ્પિટલો માટે શત પ્રતિશત-૧૦૦ ટકા તથા એમ્પેનલન્ડ નિર્દિષ્ટ હોસ્પિટલો માટે 'મા' અમૃતમ યોજનાના દર અનુસાર કર્મચારીઓને મળશે. કૃત્રિમ અવયવો બેસાડવાના કિસ્સામાં પણ આ જ ધોરણે સારવાર ખર્ચ મળવાપાત્ર છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની સેવામાં રહેલા કર્મયોગીઓ માટે આરોગ્ય સારવારનો ઉદાર અભિગમ અપનાવતાં એવો પણ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે હાલ માસિક વેતન સાથે મળતું તબીબી ભથ્થું લેવાનો કે તબીબી સારવારનું રિએમ્બર્સમેન્ટલેવાનો વિકલ્પ કર્મયોગીએ દર વર્ષે ૧૫મી માર્ચ પહેલાં આપવાનો રહેશે તેમજ ગંભીર બિમારીઓ સિવાયના કિસ્સામાં આપેલો વિકલ્પ બદલાશે નહી.

જે કર્મયોગીઓ મેડિક્લેઈમ પોલીસી ધરાવતા હોય તેઓ રિએમ્બર્સમેન્ટ તેમજ આવી પોલીસી બેયનો લાભ લઈ શકશે નહિ. પરંતુ આવા પોલીસી ધારક તેની સારવારનો ખર્ચ જો પોલીસી રકમ કરતાં વધુ થાય તો તફાવતની રકમ રિએમ્બર્સમેન્ટ તરીકે સરકારમાંથી મેળવવા પાત્ર રહેશે.

તબીબી સારવાર ૨૦૧૫ના આ નિયમોમાં બીલ મંજુર કરવાની સત્તાનું વિકેન્દ્રિકરણ થતાં ઝડપી મંજુરી મળશે એટલું જ નહિ. રાજ્યના કર્મયોગીઓ તથા આ નિયમો હેઠળ આવરી લેવાયેલાઓને સરકારી હોસ્પિટલો ઉપરાંત ખાનગી માન્યતા પ્રાપ્ત હોસ્પિટલોમાં શ્રેષ્ઠત્તમ સારવાર જરૂરિયાત મુજબ મળી રહેશે.

## સમર કેમ્પ યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોબોટિકસ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ નિષ્ણાતો દ્વારા શિખવાડવામાં આવશે. બાળકો તેમની રૂચિ અનુસાર અવનવી પ્રવૃત્તઓમાં જોડાઈને તેની પધ્ધતિસરની તાલીમ મેળવી પોતાના વ્યકિતત્વને સર્જનાત્મક અને સુદઢ બનાવી શકશે.

આજના સ્પર્ધાત્મક યુગમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે માતા પિતા સજાગ રહેતા હોય છે. અભ્યાસ ઉપરાંત પણ જીવનને વધુ સુખમય અને આનંદમય બનાવવા અને સુષુપ્ત શકિતઓને ખિલવવા પણ અનેકવિધ પ્રવૃત્તિઓ કરવી જરુરી બનતી જાય છે. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકના આત્મવિશ્વાસમાં વધારો કરી શારિરીક, માનસિક અને નિર્ણયાત્મક શકિત ખીલવી શકાય છે. આ ઉપરાંત રોપ-વે, ટ્રેકીંગ, રાયફલ સુટીંગ અને આર્ચરી જેવી પ્રવૃત્તિઓ બાળકને વધુ સાહસિક અને નિર્ભય બનાવે છે. ગાંધીનગરના તમામ બાળકોને આ સમર કેમ્પમાં જોડાવા કડી સર્વ વિદ્યાલય દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૭૦૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | ૫ |
| ૬ | | | ■ | ૭ | ૮ | | |
| | ■ | ■ | ૯ | | | | |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | | ■ | ■ |
| ૧૩ | | | | ■ | ■ | ૧૪ | ૧૫ |
| ■ | | ■ | ૧૬ | | ૧૭ | ■ | |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | |
| | ■ | ૨૨ | | | | ૨૩ | |

### આડી ચાવી

૧. કોહવાયેલું, સડો (૪)
૪. ઉટક, વાસણ... (૨)
૬. તેજની રેખા, રશ્મિ (૩)
૭. દુઃખ, શોક (૪)
૯. ખુબ સરસ, ફેન્ટાસ્ટીક(૫)
૧૦. પતિ, વર (૨)
૧૨. વચેટ, ઝગડાની પતાવટ કરનાર (૩)
૧૩. બરોબર, વ્યવસ્થિત ગોઠવેલ (૪)
૧૪. ડોક (૨)
૧૬. નમકહરામ, દગો દે દેવું(૩)
૧૮. નક્કર, મજબુત (૪)
૨૦. તંબાકુ, ચુકો (૩)
૨૨. વાનર, વાંદરૂ (૩)
૨૩. ખગ, પંખી (૨)

### ઊભી ચાવી

૧. મધુર કંઠ, (અવાજ) વાળી(૫)
૨. બધી, બધા, સબ (૨)
૩. ખાટલામાં ભરાવ તે પાટી (૨)
૪. ખરાબ, હલકુ, કોઇ વિશે... બોલવું (૩)
૫. આવાસ, નિવાસ (૩)
૭. પઠીકુ, ખોટી વાતનો ફેલાવો (૩)
૮. ગાંધીનગર - ચિલોડા નજીકનું એક ગામ (૩)
૯. દેશ-પરદેશ (૬)
૧૧. થાક, થાકવું તે, શ્રમ (૪)
૧૫. ડાબે, પડખે આડા પડવું તે(૪)
૧૭. તલ્લીન, મગ્ન (૨)
૧૮. પત્ર, કાગળ (૨)
૧૯. પરવા, ફિકર (૨)
૨૧. લંબાઇ-પહોળાઇ વજનનું પ્રમાણ (૨)

### શબ્દાવલી ૫૭૦૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) કિસાન (૨) ખોફનાક (૫) જડિ (૬) મઠ (૭) યોગ્ય (૮) વાયા (૯) રણ (૧૦) બરબાદ (૧૩) અદ્ધ (૧૫) હાથલારી (૧૬) ચ્હા (૭) પેન્ટ (૧૮) વરદાયી (૧૯) હંટર

**ઊભી ચાવી :-** (૧) કિમિયો (૨) ખોડિયાર (૩) નામરદ (૪) કઠણ (૫) જવાબદારી (૧૧) બારૂદ (૧૨) મહાદેવ (૧૩) અલાયદા (૧૪) પેઇન્ટર (૧૭) પેટ

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**ગૂમશુદા-એમપી, ખૂબ ઇફેક્ટિવ આઇડિયા! ...**

મિસિંગ પોસ્ટર એ ખૂબ જ ઈફેક્ટિવ આઈડિયા બન્યો છે. મત લઈને કામ નહીં કરતા તેમજ મતવિસ્તારમાં નહીં દેખાતા સંસદસભ્ય કે ધારાસભ્યનું પોસ્ટર ભિંતો પર કે વૃક્ષના થડ ઉપર લગાવી દેવાનો આઈડિયા કોનો છે તે ખબર નથી પરંતુ તેનાથી જે તે એમપી કે એમએલએ શરમ તો અનુભવે છે. તાજેતરમાં આવા પોસ્ટર બિહાર ભાજપના એમપી શત્રુઘ્નસિંહા માટે લાગ્યા હતા. મથુરાના ભાજપના એમપી હેમા માલિની માટે લાગ્યા હતા. કોંગ્રેસના વીપી એમપી રાહુલ ગાંધી માટે લાગ્યા હતા. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં લાલકૃષ્ણ અડવાણીના પોસ્ટર લાગેલા જોઈને ખુદ સરકાર ચોંકી ઉઠી હતી. દક્ષિણ ગુજરાતના એક જિલ્લામાં ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલને મિસિંગ બતાવ્યા હતા. એટલું જ નહીં, તેમને શોધી આપનારને ૫૦૦ રૂપિયા રોકડાનું ઈનામ પણ હતું. ફોટા સાથે મિસિંગ અથવા તો ગુમશુદા એમપીનું પોસ્ટર લોકોનું ચોક્કસ ધ્યાન ખેંચે છે. આવા આઈડિયા સોશ્યલ સાઈટના માધ્યમથી જ આવી રહ્યા છે અને તેનો આ માધ્યમમાં ખૂબ પ્રચાર પણ થાય છે...

**ઉદ્યોગોને ટેક્સમાફી ૫.૮૯ લાખ કરોડ! ...**

ભારત સરકારના નાણાકીય ફંડા પણ અજીબ છે. સત્તાવાર સરકારી આંકડા પ્રમાણે કેન્દ્ર સરકારનું જાહેર દેવું વધીને ૫.૩૧ લાખ કરોડ થયું છે. આ દેવા પાછળ સરકાર ૪.૨૭ લાખ કરોડનું વ્યાજ ચૂકવે છે. કેન્દ્ર સરકાર ઉદ્યોગોને જે કર રાહતો આપે છે તેનો આંકડો વધીને ૫.૮૯ લાખ કરોડ થયો છે. બીજી તરફ કેન્દ્ર સરકાર જે સબસીડી આપે છે તેમાં અન્ન સબસીડીની રકમ ૧.૨૨ લાખ કરોડ, ખેડૂતોને ફર્ટિલાઈઝર સબસીડી ૭૦૯૬૭ કરોડ, પેટ્રોલિયમ સબસીડી ૬૦૨૭૦ કરોડ અને અન્ય સબસીડીની રકમ ૧૨૭૭૯ કરોડ થવા જાય છે. આમ કુલ સબસીડીની રકમ ૨.૬૬ લાખ કરોડ સુધી પહોંચી છે. સવાલ એ થાય છે કે કેન્દ્ર સરકાર સબસીડીની જે રકમ ચૂકવે છે તેનાથી બમણી રકમ ઉદ્યોગોને ટેક્સ રાહત આપવા માટે ખર્ચાય છે...

**આરોગ્ય સેવાઓ ખુદ બિમાર પડી છે! ...**

રૂરલ હેલ્થ સ્ટેટેસ્ટિકના રિપોર્ટ પ્રમાણે દેશભરના ગ્રામીણ ક્ષેત્રોમાં આરોગ્ય ક્ષેત્રે માનવબળની ૬૩,૭૧૦ની અછત છે જેમાં નર્સિંગ સ્ટાફની ૧૨૯૫૬, લેબ ટેકનિશ્યનની ૧૩૮૯૭ અને ફાર્માસિસ્ટની ૮૫૩૬ની અછત છે, જયારે ૧૭૩૭૧ સ્પેશ્યાલિસ્ટ તબીબો મળ્યા નથી. ગુજરાતને નિસ્બત છે ત્યાં સુધી ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય પેટા કેન્દ્રો પૈકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફિમેલ હેલ્થ વર્કરોની ૧૪૯૪ની ઘટ છે. પીએચસીમાં ૨૬૯ તબીબો નથી. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં નિષ્ણાંત તબીબોની ૧૧૨૬ની ઘટ છે. ૫૭૯ ફાર્માસિસ્ટ ઓછા છે જયારે પીએચસીમાં ૫૬ લેબ ટેકનિશ્યન તથા ૫૫૩ નર્સિંગ સ્ટાફ ઓછો છે. ભારત અને ગુજરાતનું ગ્રામીણ આરોગ્યનું સ્તર કથળેલું છે અને તેનું ખાસ કારણ રાજય સરકારની ઉદાસિનતા છે. તબીબો ગામડામાં જતા નથી, કારણ કે તેમને સુવિધાઓ અને પ્રોત્સાહનો ઓછા મળે છે. લોકોને જાહેર દવાખાનામાં તબીબો નહીં મળતાં તેમને ફરજીયાત ખાનગી હોસ્પિટલોનો સહારો લેવો પડે છે...

**વિધાનસભાના દિવસો ઘટતા જ રહ્યાં છે! ...**

વિધાનસભાનું સત્ર એ લોકોના પ્રશ્નોનો પડઘો છે તેમ છતાં દિવસે દિવસે વિધાનસભાના સત્રના દિવસો ઘટતા ગયા છે તે લોકશાહી માટે ચિંતાજનક છે. આટલા બધાં ધારાસભ્યોને વિધાનસભામાં કામ કરવાના દિવસો ઓછા ફાળવવામાં આવે છે. ૧૯૬૫માં સૌથી વધુ ૮૩ દિવસ વિધાનસભા મળી હતી જયારે ૧૯૬૩માં ૭૪ દિવસ અને ૧૯૬૪માં ૬૧ દિવસ મળી હતી, જયારે સૌથી ઓછા ૨૪ દિવસ માટે વિધાનસભા મળી હોય તેવું વર્ષ ૨૦૦૮નું છે. રાજયમાં ૧૯૬૧ થી ૧૯૯૫ સુધી દર વર્ષે સરેરાશ ૪૯ દિવસ વિધાનસભાની કામગીરી ચાલી છે, જયારે ૧૯૯૬ થી ૨૦૧૪ સુધી સરેરાશ માત્ર ૩૦ દિવસ કામગીરી થઈ છે.

**લ્યો, હવે રાજનાથસિંહ પણ આવે છે! ...**

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ આગામી ૨૪મી એપ્રિલે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાતના દરિયાઇ વિસ્તારોમાં સલામતીના લેવાયેલા પગલાંના સંદર્ભમાં તેઓ સલામતી એજન્સીના વડાઓ સાથે ચર્ચા કરે તેમ મનાય છે. સચિવાલયના સૂત્રો કહે છે કે રાજનાથસિંહ દરિયાકાંઠાના વિસ્તારોની મુલાકાત પણ લેવાના છે. મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદની રિહાઈ, જમ્મુકાશ્મિરની હાલની સ્થિતિ અને સેન્ટ્રલ આઈબીને મળેલા ઈનપુટ્સના આધારે કેન્દ્રીય પ્રધાનની આ મુલાકાતને ગંભીર માનવામાં આવી રહી છે. તેમની આ મુલાકાત દરમ્યાન તેઓ ગુજરાતના ચીફ મિનિસ્ટર તેમજ પોલીસના ઉચ્ચ અધિકારીઓને મળે તેવી સંભાવના છે...

**નેધરલેન્ડ પાસેથી શિખવા જેવી વાત! ...**

યુરોપીય દેશ નેધરલેન્ડનો સાઈકલ પ્રેમ જગવિખ્યાત છે. નેધરલેન્ડના શહેરોના અંદરના વિસ્તારની બધી મુસાફરીના લગભગ ૩૦ ટકા સાઈકલ ઉપર થાય છે. આમ્સ્તરદામ અને હેઈગ જેવા શહેરોમાં તો લગભગ સિત્તેર ટકા મુસાફરી સાઈકલ પર થાય છે. માત્ર એટલું જ નહિ, ડચ શહેરો સાઈકલસવારી માટે દુનિયાભરમાં સૌથી સુરક્ષિત શહેરો છે. આજે નેધરલેન્ડના શહેરો અને ગામડાઓમાં જેટલી સુવિધાઓ વાહનો માટે હોય છે, તેવી જ અને તે જ ગુણવત્તાની સુવિધાઓની સમાંતર વ્યવસ્થા સાઈકલો માટે પણ છે. સાઈકલ માટે અલગ, અલાયદા, પહોળા અને સમતલ રસ્તા હોય છે, અલગ સિગ્નલ હોય છે, દરેક ચાર રસ્તે તેમના માટે અલાયદી વ્યવસ્થા હોય છે. માત્રસાઈકલ માટેના અલગ ફ્લાય ઓવર સુધ્ધાં હોય છે અને લાંબાગાળાની સાઈકલ સવારી માટે હાઈવેની બાજુમાં પણ સાઈકલ માટેના હાઈવે હોય છે. આપણે નેધરલેન્ડ પાસેથી શીખવાનું ઘણું છે કારણકે આ દેશે તેની આંધળા મોટરીકરણ, ટ્રાફિકની આંધળી દોટની ભૂલો સુધારીને આવાગમનની એક અનોખી સમાંતર વ્યવસ્થા ઉભી કરી છે...

**રાજ્ય સરકારનું સૌથી મોટું પુણ્યનું કામ! ...**

ગુજરાત સરકાર એક કામ એવું કરે છે જે પુણ્યનું છે. શાળાએ જતાં માસૂમ ભૂલકાંની નાનીમોટી બિમારીમાં ઉત્તમ સહાય કરે છે. છેલ્લા બે વર્ષમાં ૧૯૪૫૬ બાળકોના હૃદયરોગની સારવાર પાછળ સરકારે ૩૩.૧૨ કરોડનો માતબર ખર્ચ કર્યો છે. કેન્સરની બિમારીથી પિડાતા ૨૯૦૬ બાળકોની સારવાર પાછળ સરકારે ૫.૮૯ કરોડ અને ૧૪૧૧૦ બાળકોની કીડનીની સારવાર પાછળ ૮.૫૭ કરોડનો ખર્ચ કર્યો છે. રાજયમાં ચોંકાવનારી બાબત એવી સામે આવી છે કે શાળાએ જતા બાળકોમાં હૃદયરોગની બિમારી વધતી જાય છે, જેનું મુખ્ય કારણ જંકફુડ માનવામાં આવે છે. આ જંકફુડના કારણે હૃદય તો ઠીક પેટની બિમારી, દાંત અને ચામડીના રોગ, આંખની ખામી સહિતના નાનામોટા રોગ ઉદભવે છે. ૩૬ હજાર બાળકો પાછળ ૪૮ કરોડનો ખર્ચ એ નાનીસુની રકમ તો નથી જ!...